રજુ તારીખ : ૨૮.૦૨.૨૦૨૬
દાખલ તારીખ : ૨૮.૦૨.૨૦૨૬
નિકાલ તારીખ : ૦૬.૦૩.૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૬

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા, જી. મહીસાગર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૧૦/૨૦૨૬**

**આંક : ૦૬**

**અરજદાર :–** **મણીલાલ શંકરભાઈ માછી,**
ઉ.વ.આ.૫૦, ધંધો : ખેતી,
રહે. નાળના મુવાડા, નિશાળ ફળીયુ,
તા. લુણાવાડા, જી. મહીસાગર
હાલ : સબ જેલ, સંતરામપુર.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત :** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

| |
|---|
| અરજદાર તરફે વિ.વ. **શ્રી વી. એલ. સંભવાણી** |
| સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી એસ. આર. ડામોર** |

## –: ઠ રા વ :–

(૧) આ કામનાં અરજદાર લુણાવાડા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦૬૨૫૦૮૧૦/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ–૧૨૧(૧), ૨૨૧, ૨૨૬, ૫૪, ૨૯૬(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનાં

ગુનામાં જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની ચાર્જશીટ પછીની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૦૩.૧૨.૨૦૨૫ નાં રોજ નોંધાતા, અરજદારને તે જ દિવસે અટક કરી અને તા.૦૪.૧૨.૨૦૨૫ નાં રોજ લુણાવાડાનાં ચીફ જયુડી. મેજી. શ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર તરફે અત્રેની અદાલતમાં ક્રિ.પ.અ.નં.૪૯૦/૨૦૨૫ થી દાખલ કરવામાં આવેલ, જે અત્રેની કોર્ટ દ્વારા તા.૩૦.૧૨.૨૦૨૫ નાં રોજ ગુણદોષ ઉપર નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર તરફે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ક્રિ.પ.અ.નં.(રેગ્યુલર) ૧૭૫૮/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરવામાં આવેલ, પરંતુ તે દરમ્યાન અરજદાર વિરૂધ્ધનાં ગુનાનું ચાર્જશીટ દાખલ થઇ ગયેલ હોય અરજદાર તરફે નામદાર ગુજરાત હાઇકોર્ટમાંથી તેમની રેગ્યુલર જામીન અરજી તા.૨૪.૦૨.૨૬ નાં રોજ વિડ્રો કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર તરફે લુણાવાડાનાં ચીફ જયુડી. મેજી. શ્રીની કોર્ટમાં સદર ગુનાનું ચાર્જશીટ થયા બાદ ફોજદારી કેસ નં.૬૧/૨૦૨૬ નાં કામે આંક–૪ થી રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવેલ, જે તા.૨૬.૦૨.૨૦૨૬ નાં રોજ નાંમજૂર કરવામાં આવેલ. જેથી અરજદાર તરફે સદર ગુનાનાં કામે ચાર્જશીટ બાદની બીજી વખતની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૩) અરજદારનાં વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, હાલનો બનાવ તા.૦૩.૧૨.૨૫ નાં રોજ બનેલ અને અરજદારની તા.૦૩.૧૨.૨૫ નાં રોજ અટક કરવામાં આવેલ ત્યારથી અરજદાર જયુડી. કસ્ટડીમાં છે. હાલનાં બનાવની ફરિયાદ બે કલાક મોડી આપવામાં આવેલ છે. હાલનાં કામે અરજદારે ક્રિ.પ.અ.નં.૪૯૦/૨૦૨૫ અત્રેની કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં

આવેલ છે અને હાલ અરજદાર સામેના ગુનાનું ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે જેનો ક્રિમીનલ કેસ નં.૬૧/૨૦૨૬ પડેલ છે. સદર ગુનાની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે, જેથી અરજદારને હવે કસ્ટડીમાં રાખવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. ઉપરાંત આ કામનાં અન્ય સહઆરોપીઓની અટક થઇ ગયેલ છે તેમજ તેઓને ક્રિ.પ.અ.નં.૮૨/૨૦૨૬ થી અત્રેની કોર્ટ દ્વારા જામીન પર મુકત કરવામાં આવેલ છે. જેથી હાલનાં અરજદારને પેરીટીનો લાભ મળવો જોઇએ.

વધુમાં જણાવેલ છે કે, અરજદારને હાલનાં કાલ્પનીક ફરિયાદવાળા બનાવમાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર તદ્દન નિર્દોષ છે, ફરિયાદમાંની કલમોનાં કોઇ આવશ્યક તત્વો સંતોષાતા નથી. હાલનાં કામે આજીવન કેદ કે મોતની સજાનાં કોઇ આક્ષેપ નથી, હાલનાં ગુનાની સજાની જોગવાઇ મહત્તમ ૫ વર્ષની સુધીની છે, તમામ આક્ષેપો જયુડી. મેજી.ફ.ક. ચલાવી શકે તેવા છે. હાલનાં કામે ઈજા પામનાર સારવાર હેઠળ નથી. હાલનો કેસ ચાલતાં લાંબો સમય નીકળી જાય તેમ હોય, અરજદારને જામીન મુક્ત કરવામાં ન આવે તો પ્રિટ્રાયલ પનીશમેન્ટ ગણાશે. અરજદાર લુણાવાડા તાલુકાનાં કાયમી રહિશ છે, ક્યાંય નાસી–ભાગી જાય તેમ નથી, ખેતી કરી પરિવારનું ભરણપોષણ કરે છે, નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા રાજી છે. 'જામીન એ નિયમ અને જેલ એ અપવાદ' નાં સિદ્ધાંતને ધ્યાને લઇ અરજદારને જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૪) સદર જામીન અરજીનો વિરોધ કરતાં વિ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, હાલનાં કામનાં અરજદાર તથા અન્ય સહઆરોપીઓએ ભેગા મળી પોલીસ અધિકારી વોરંટ બજાવવા ગયા ત્યારે માર મારેલ. અગાઉ હાલનાં અરજદારની નામ. કોર્ટ દ્વારા જામીન અરજી નામંજૂર કરવામાં આવેલ છે. જો આ પ્રકારનાં બનાવો બનતા રહે તો સમાજમાં અરાજકતા ફેલાય. આ પ્રકારનાં ગુનામાં અરજદારને જામીનમુક્ત કરવામાં આવે તો સરકારી કર્મચારી/પોલીસ

પોતાની કામગીરી કરી શકે નહીં. હાલનાં અરજદાર બનાવ બન્યા ત્યારથી નાસતા ફરતા હતાં.

વધુમાં જણાવેલ છે કે, અગાઉ આ જ આરોપીની રેગ્યુલર જામીન અરજી આ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે, જેથી અરજદારે નામ. હાઇકોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ જે પરત ખેંચી લીધેલ છે અને અરજદાર/આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ થયેલ છે, આ સિવાય નવું કોઇ કારણ ઉપસ્થિત થયેલ નથી. તેમજ સદર અરજદારનો ગુનામાં ભજવેલ ભાગ ધ્યાને લેતાં અરજદારને પેરીટીનો લાભ મળવાપાત્ર નથી. જેથી અરજદારની જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૫) બંને પક્ષકારોના વિદ્વાન વકીલ શ્રીઓને સાંભળ્યા તથા આ કામે રજુ અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ આંક-૫, ચાર્જશીટનું પાન તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં.

(૬) ઉપરોકત તમામ હકીકતો તથા ત.ક.અમલદારનું સોગંદનામું ધ્યાને લેતાં, અરજદાર સામે લુણાવાડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૭૦૦૬૨૫૦૮૧૦/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૨૧(૧), ૨૨૧, ૨૨૬, ૫૪, ૨૯૬(બી) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનાં ગુનાની ફરિયાદ દાખલ થયેલ છે, જે કામે અરજદારની અટક કરવામાં આવેલ અને અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર તરફે અત્રેની કોર્ટ દ્વારા ચાર્જશીટ અગાઉની જામીન અરજી અત્રેની કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવેલ. પોલીસ તપાસનાં કાગળો તથા ત.ક.અમલદારનું સોગંદનામુ ધ્યાને લેતાં, અરજદાર પ્રથમદર્શનીય રીતે ગુનામાં સંડોવાયેલ હોવાનું જણાય છે.

અરજદાર સામે ગુનાનું ચાર્જશીટ દાખલ થયેલ છે, તે જોતાં સદર ગુનાની તપાસ પૂર્ણ થયેલ છે. સદર ગુનામાં મહત્તમ સજાની જોગવાઇ ૫ વર્ષ

સુધીની છે. અરજદારની ચાર્જશીટ પહેલાની જામીન અરજી આ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે, પરંતુ અરજદાર સામે હાલમાં તપાસ પૂર્ણ થયેલ છે. તેમજ નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંતો મુજબ જામીન અરજીનાં તબક્કે પુરાવાઓની કે ગુણદોષ ઉપર ચર્ચા કરવાની હોતી નથી. તેમજ જામીન અરજીનાં નિર્ણય સમયે આરોપી કેસ ચાલતા દરમિયાન હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું તથા ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપી તોડે ફોડાવે નહીં અને ફરીથી આ પ્રકારનાં ગુનામાં સંડોવાય નહીં તે નક્કી કરવાનું હોય છે. વધુમાં આ ગુનાનાં અન્ય સહઆરોપીઓને અત્રેની કોર્ટ દ્વારા જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે અને અરજદારનો રોલ સહઆરોપીઓ જેવો જ છે, જેથી અરજદારને પેરીટીનો લાભ મળવો જોઇએ તેવું હું માનું છું. વધુમાં અરજદાર મહીસાગર જિલ્લાનાં રહેવાસી છે અને અગાઉ અરજદાર ઉપર ૧ ગુનો નોંધયેલ છે તે હકીકત ધ્યાને લેતાં, અરજદારને અમુક આકરી શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું થતું હોય, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**:: હુકમ ::**

(૧) આ કામનાં અરજદાર **મણીલાલ શંકરભાઈ માછી**, ઉ.વ.આ.૫૦, ધંધો : ખેતી, રહે. નાળના મુવાડા, નિશાળ ફળીયુ, તા. લુણાવાડા, જી. મહીસાગર, હાલ : સબ જેલ, સંતરામપુર નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મુકત થવાની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી નાએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા **ટ્રાયલ કોર્ટમાં** આપ્યેથી લુણાવાડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૭૦૦૬૨૫૦૮૧૦

/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ–૧૨૧(૧), ૨૨૧, ૨૨૬, ૫૪, ૨૯૬(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનાં કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપી નાઓએ સદર કેસનાં સાહેદોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઇ લાલચ, ધાક–ધમકી આપવી કે પ્રલોભન આપી તોડ ફોડવા કે પુરાવા સાથે ચેડા કરવા નહીં.

(૨) અરજદાર/આરોપી નાઓએ ગુનાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ્દ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપી નાઓએ છ માસ સુધી દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારે કલાક ૧૧:૦૦ થી ૧૪:૦૦ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.

(૪) અરજદાર/આરોપી નાઓએ તપાસમાં સાથ સહકાર આપવો.

(૫) અરજદાર/આરોપી નાઓએ જામીન રજુ કરતી વખતે પોતાનું હાલનું સરનામું આધાર પુરાવા સાથે સંબંધિત કોર્ટ તથા ત.ક.અમલદાર રૂબરૂ રજુ કરવું તથા કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.

(૬) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન બિનચુક હાજર રહેવું અને ટ્રાયલમાં પુરતો સહકાર આપવો.

હુકમ આજ રોજ તારીખ ૦૬ ઠ્ઠી માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬.૦૩.૨૦૨૬
લુણાવાડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી. મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

એન.ડી.ખખ્ખર,
ગુજ. સ્ટેનો.